**GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY**
**(Gujarat Vepari Mahamandal)**
**Shri Ambica Mills-Gujarat Chamber Bldg., P.B.No.4045,**
**Ashram Road, Ahmedabad-380009**
**Fax No.: 079-26587992/Tele. No.: 079-26582301/2/3/4**
**Email: gcci@gujaratchamber.org Website: www.gujaratchamber.org**

**Press Note**

7344

## ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથે જીસીસીઆઈના હોદેદ્દારો તેમજ રિજનલ ચેમ્બરો અને એસોશિયેશનોના પ્રતિનિધિઓ સાથે મળેલ મિટિંગ

તા: 17 જૂન, 2021 ના રોજ GCCIના ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથે ગાંધીનગર ખાતે એક મિટિંગ યોજાઈ હતી જેમાં GCCIના હોદેદ્દારો, રિજનલ ચેમ્બર તથા એસોશિયેશનોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા. આ પ્રતિનિધિ મંડળમાં સુરત, વડોદરા, અંકલેશ્વર, નંદેસરી, દહેજ, રાજકોટ અને જામનગર થી પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રતિનિધિ મંડળે ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. રાજીવ કુમાર ગુપ્તા,IAS, સાથે મિટિંગ કરી હતી જેમાં અન્ય ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ મિટિંગમાં GPCB ના ચેરમેન, શ્રી સંજીવ કુમાર,IAS, ઉદ્યોગ કમિશનર, ડો. રાહુલ ગુપ્તા, IAS, GIDCના વાઇસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર, શ્રી એમ.થેન્નારસન, IAS , MSME કમિશનર, શ્રી રણજીતકુમાર જે., IAS, સભ્ય સચિવ - GPCB, શ્રી એ.વી. શાહ અને શ્રીમતી નીલમ રાની,IAS, મેનેજીગ ડિરેક્ટર, ઇન્ડેક્સ્ટ-બી પણ મિટિંગમાં હાજર રહ્યાં હતા. આ મિટિંગમાં પર્યાવરણ, GPCB તેમજ ટેક્સટાઇલ ઉદ્યોગને લગતા મુદ્દાઓની લગભગ 3 કલાક સુધી વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. મરીન ડીપ-સી ડિસચાર્જના ધોરણો, કોમન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપવા માટે જમીનની ઉપલબ્ધતા, GIDC અંતર્ગત Hazardous Waste Disposal માટેની સુવિધાઓ સ્થાપવા અંગે, અકસ્માતના કિસ્સાઓમાં કરવામાં આવતી કાનૂની કાર્યવાહી, આત્મનિર્ભર પોલીસી 2023 સુધી લંબાવવા અંગે વિનંતી વગેરે પર્યાવરણ ને લગતા પ્રશ્નોની ચર્ચા આ મિટિંગ દરમિયાન કરવામાં આવી હતી. GIDCને લગતા મુદ્દાઓમાં માળખાગત સુવિધાઓ પુરી પાડવામાં થયેલ વિલંબને કારણે ફાળવણીની તારીખમાં ફેરબદલ કરવા અંગે રજૂઆત, ટ્રાન્સફર ફી ઘટાડવા અંગે ની રજૂઆત, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડના રિફંડ તેમજ GIDC માં સુવિધાઓ સ્થપાવા માટે મોરેટોરિયમ પિરિયડ લંબાવવા વિગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ડો. રાજીવ કુમાર ગુપ્તા દ્વારા ઉદ્યોગોના પ્રતિનિધિઓને ખુબ સકારાત્મક રીતે સાંભળી ટૂંક સમયગાળામાં નિરાકરણ માટેની ખાતરી આપી હતી.

વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી અરુણકુમાર સોલંકી, IAS, સાથે મિટિંગ થઇ હતી. આ મીટિંગ દરમિયાન GPCBને લગતા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અગ્ર-સચિવ શ્રીમતી મમતા વર્મા, IAS, સાથે મિટિંગ કરવામાં આવી હતી જેમાં ઉર્જા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. 1 મેગાવોટથી વધુના રૂફટોપ પર નેટ મીટરિંગના મંજૂરી નહીં આપવા અંગે ના મુદ્દા ની ચર્ચા મિટિંગ દરમિયાન કરવામાં આવી હતી અને માત્ર ગુજરાતમાં જ આવો પતિબંધ હોવાથી તેને દૂર કરવો જોઈએ તેવી રજૂઆત કરવામાં આવી હતી, આ

પ્રતિબંધ ને કારણે સોલાર રૂફ ટોપ પ્રોજેક્ટ સ્થાપવા માટે અવરોધરૂપ છે તેવું જણાવામાં આવ્યું હતું. વધુમાં અન્ડરગ્રાઉન્ડ કેબલિંગ નું કામ PPP ધોરણે હાથ ધરવા અંગે વિનંતી કરવામાં આવી હતી અને આ કાર્ય માટે ઉદ્યોગો ખર્ચનો 20% ફાળો આપવાની તૈયારી ધરાવે છે તેવું જણાવવામાં આવ્યું હતું. ગુજરાત સોલાર પોલિસી 2021 ને લગતા સૂચનો પણ આ મિટિંગમાં રજુ કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ શ્રી એચ.એમ.પટેલ, IAS, સચિવ, શ્રમ અને રોજગાર વિભાગ સાથે મુલાકાત કરેલ હતી. તેમની સાથે ફાયર અને ઔદ્યોગિક સલામતી માટે ના ઉપકરણો ના DISH સર્ટિફિકેશનના આગ્રહ અંગેના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી અને ફાયર એન્ડ સેફટી સર્ટિફિકેશન ધરાવતા ફાયર સેફટી ઉપકરણો વાપરવા મંજૂરી આપવા નક્કી કરવામાં આવ્યું હતું. GCCI દ્વારા આવા ઉપકરણો માટે કોઈપણ આઈએસઆઈ માર્ક વાળા ઉપકરણ વાપરી શકાય તેવી મજૂરી આપવા સૂચન કરવામાં આવ્યું હતું. ફાયર લાયસન્સ અને ફાયર NOC અંગેના મુદ્દાઓની પણ ચર્ચા મિટિંગ દરમિયાન કરવામાં હતી.

---

તંત્રીશ્રી / ચીફ રિપોર્ટર / વાણિજ્ય તંત્રીશ્રી / બ્યુરો ચીફ/ ન્યૂઝ એડિટર
ઉપરોક્ત અખબાર નોંધ આપણા અખબારમાં સમાવી લેવા વિનંતી

યોગેન્દ્રકુમાર ત્રિવેદી
સેક્રેટરી જનરલ

**GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY**
**(Gujarat Vepari Mahamandal)**
**Shri Ambica Mills-Gujarat Chamber Bldg., P.B.No.4045,**
**Ashram Road, Ahmedabad-380009**
**Fax No.: 079-26587992/Tele. No.: 079-26582301/2/3/4**
**Email: gcci@gujaratchamber.org Website: www.gujaratchamber.org**

**Press Note**

7344

**17th June 2021**

## Meeting of GCCI Office Bearers, Regional Chambers and Few Associations with Senior Government Officers

On 17th June, 2021 GCCI Office Bearers alongwith representatives of regional chambers and few associations had meetings with Senior Government Officers at Gandhinagar. The delegation included representatives from regions such as Surat, Vadodara, Ankleshwar, Nandesari, Dahej, Rajkot and Jamnagar region.

The delegation met Dr. Rajiv Kumar Gupta, IAS, Additional Chief Secretary, Industries & Mines department. Other senior officers such as Shri Sanjeev Kumar, IAS, Chairman, GPCB, Dr. Rahul Gupta, IAS, Industries Commissioner, Shri M. Thennarasan, Vice Chairman and Managing Director, GIDC, Shri Ranjeeth Kumar J. MSME Commissioner, Shri A.V. Shah, Member Secretary, GPCB and Mrs. Neelam Rani, MD, iNDEXTb were also present in the meeting. Issues related to Environment, GIDC and Textile Industry were discussed at length in the meeting which lasted for almost 3 hours. Environment related issues such as Marine Deep Sea discharge norms, Land availability for Common infrastructure facilities, creating hazardous waste facilities within GIDC, legal actions in case of unintentional accidents, extension of Atmanirbhar Policy till 2023 etc. were discussed. Issues related to GIDCs included matters such as change in date of allotment due to delay in providing infrastructure facilities, transfer fees, refund of infrastructure fund, extension of moratorium period for setting up facilities in GIDC etc. All the representatives from industry were heard patiently and a very short time frame for resolution of the issues was provided by Dr. Gupta.

The delegation also met Shri Arun Kumar Solanki, IAS, Additional Chief Secretary, Forest and Environment department. Issues related to GPCB were discussed during the meeting.

The delegation met Ms. Mamta Verma, IAS, Principal Secretary, Energy and Petrochemicals Department and discussed power related issues. The issue of non-allowance of net metering on rooftop for more than 1 MW was taken up and it was suggested that this restriction should be removed as no other state has such a condition. It also discourages industries to set up solar rooftop projects. The matter regarding underground cabling under Public Private Partnership mode was also discussed and it was informed that Industry is willing to contribute 20% of the cost under such an arrangement. Suggestions related to Gujarat Solar Policy 2021 were also submitted.

The delegation also met Shri H.M Patel, IAS, Secretary Labour & Employment Department. The issue of insistence of DISH certification for Fire and Industrial Safety equipment was discussed with him and it is now agreed that Fire Safety equipment having fire and safety certification can be used. Issues related to Fire License and Fire NOC were also deliberated in the meeting.

---

**To,**
**The Editor/ Chief Reporter/ Commercial Editor/ Bureau Chief/ News Editor with a request to kindly incorporate the above Press Note in your esteemed News Paper.**

**Yogendra Kumar Trivedi**
**Secretary General**